# ઘ-૫ ફૂડકોર્ટ પરના દબાણો પરત્વે તંત્રની રહેમ નજર ??

## નાના વેપારીઓ-લારીગલ્લા-કિટલીઓવાળાઓને હટાવ્યાં પરંતુ ફૂડકોર્ટ પરના પાકાં શેડ ક્યારે ઉતરશે ? : સગવડ માટે બનાવાયેલી ફૂડકોર્ટ અગવડરૂપ બનતી જાય છે અને તંત્ર શ્રમજીવીઓને કનડે છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં તાજેતરમાં દબાણતંત્રએ સપાટો બોલાવ્યો છે અને શહેરભરમાંથી લારી-ગલ્લા-ખૂમચાં અને ચાની કિટલીઓ જેવા ખાણી-પીણી અને પાન-મસાલાનો વેપાર કરતા હંગામી દબાણો દૂર કરી દેવામાં આવ્યાં છે. દબાણતંત્રએ રોડ સાઈડ ઉભી રહેતી લારીઓ સુદ્ધાં જપ્ત કરી લીધી છે પરંતુ બીજી તરફ શહેરની મધ્યમાં ઘ-૫ ફૂડકોર્ટ ખાતે ખાણી-પીણીના સ્ટોલધારકોએ કરેલા પાકાં દબાણો હજુ યથાવત જોવા મળી રહ્યાં છે જેને કારણે તંત્રની બેવડી નીતિ પર આશ્ચર્ય ફેલાવા પામ્યું છે.

ઘ-૫ ફૂડકોર્ટ ખાતે લારી-ગલ્લાના દબાણો દૂર કરી સ્ટોલ ફાળવવામાં આવ્યાં છે પરંતુ હવે આ જે સ્ટોલધારકો તેમને ફાળવવામાં આવેલી જગ્યા કરતા બહાર દબાણ કરવા લાગ્યાં છે. ફૂડકોર્ટ ખાતે લગભગ મોટા ભાગના સ્ટોલધારકોએ પાકા શેડ બનાવી દીધા છે અને સ્ટોલ આગળની જગ્યા કવર કરી લીધી છે. આ કારણે અહીં ગ્રાહકો માટે અવરજવર કરવી પણ મુશ્કેલીરૂપ બનતુ જાય છે. શહેરમાં જ્યારે દબાણતંત્રએ સપાટો બોલાવી રોજે રોજનું પેટીયું રળતા નાના વેપારીઓના વેપાર-ધંધાર-રોજગારી બંધ કરાવી દીધા છે પરંતુ ફૂડકોર્ટ પર પાકા દબાણો પ્રત્યે આંખમિચાંમણા કરવામાં આવ્યાં છે તેના કારણે નાના વેપારીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. થોડા સમય પહેલા ફૂડકોર્ટ પર દબાણ હટાવવાના મામલે શેડ ઉતરાવી લેવાનું નાટક હાથ ધરાયુ હતુ પરંતુ આ દબાણો અત્યારે ફરી યથાવત જોવા મળી રહ્યાં છે ત્યારે દબાણતંત્રને તે હટાવવાનું કેમ સુઝતુ નથી ? શું આ દબાણકર્તાઓ સાથે તંત્રનું સેટીંગ છે ? આવા અનેક સવાલો દબાણતંત્રનો ભોગ બનેલા વેપારીઓ ઉઠાવી રહ્યાં છે.

### એક તરફ રસોઈ અને બીજી તરફ ગંદકી

ઘ-૫ ફૂડકોર્ટ પર પતરાના શેડ અને આજુબાજુમાં લોખંડની જાળીઓ વગેરે દબાણો કેમ હટાવાતા નથી તે બાબતે તર્ક-વિતર્ક ચાલી રહ્યાં છે ત્યારે બીજી તરફ આ ફૂડકોર્ટ પર સ્વચ્છતા બાબતે ઘોર ઉપેક્ષા જોવા મળી રહી છે. હાલ ચોમાસની ઋતુના કારણે ઋતુજન્ય બિમારીઓના વાવર ફેલાવાની શક્યતા ભરપૂર છે ત્યારે ઘ-૫ ફૂડકોર્ટ પર એક તરફ ખુલ્લામાં રસોઈ બનતી હોય અને બીજી તરફ બાજુમાં જ ગંદકી હોય તેવી સ્થિતિ લગભગ મોટાભાગના સ્ટોલ પર જોવા મળી રહી છે ત્યારે શું આરોગ્ય વિભાગને પણ આ ગંદકી દેખાતી નહી હોય ?

### સ્ટોલની બાજુમાં જગ્યા ભાડે અપાય છે

ફૂડકોર્ટ પર સ્ટોલ ધારકોએ શેડ તો બનાવ્યા છે પરંતુ સ્ટોલની બાજુમાં ફુટપાથ કે પાર્કિંગની જગ્યામાં અન્ય લારીવાળાને ઉભા રહેવા દઈને તેનું પ્રતિદિન ૨૦૦થી ૨૫૦ રૂપિયા ભાડુ વસુલવામાં આવી રહ્યું હતું. હવે દબાણતંત્રએ લારીઓ પર તવાઈ લાવતા આ જગ્યાએ લારીઓના બદલે ટેબલો ગોઠવાય છે અને તેના ભાડા વસુલાય છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ના બહેન હવે અમે રેડિયામાં મન કી બાત નથી સાંભળતા... કોઈ ઢંગકી બાત આવે તો જ સાંભળીએ છીએ...!!

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૨૦૦ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા

### એક પણ કેસ હજુ મેલેરિયા પોઝીટીવનો મળ્યો નથી : તાવના કેસો વાઈરલ કે સિઝનલ બિમારી હોવાનું મનાઈ રહ્યુ છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવાના હેતુસર હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન આજે વધુ ૧૨૧૫ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે.

જિલ્લામાં ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આજે ચોથા દિવસે પણ ૧૨૧૫ સ્થાનોએથી બ્રિડીંગ મળતાં સઘન સર્વેલન્સ માટે તાકીદ કરાઈ છે. જિલ્લામાં છેલ્લા ચાર દિવસમાં જ સર્વેલન્સ દરમ્યાન ૪૨૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે.

તંત્રની ટીમોને મળી આવેલ બ્રિડીંગના સ્થાનો પર તાત્કાલિક પોરાનાશક અને એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હતી. તંત્રની ટીમોએ સર્વેલન્સ દરમ્યાન આજે વધુ ૩૭૨ કેસ તાવના દર્દીઓને શોધી કાઢ્યા છે જેમના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે પરીક્ષણ માટે ૧૨૦૦ જેટલા નમૂનાઓની તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને તેમાં એક પણ કેસ મેલેરિયા પોઝીટીવનો ના મળતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

તાવના જે કેસો મળ્યા છે તે સિઝનલ અથવા તો વાઈરલ ફિવર હોવાનું મનાઈ રહ્યું છે.

તંત્રની ટીમોએ આજે સર્વેલન્સ દરમ્યાન ૧,૯૮,૬૫૦ લોકોને આવરી લીધા હતા. આ ઉપરાંત ૪૦,૭૩૯ ઘરોની મુલાકાત લઈ જળસંગ્રહના પાત્રોની ચકાસણી કરી હતી.

તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વેલન્સની કામગીરી હજુ બે દિવસ ચાલશે. આ વખતે મચ્છરોના બ્રિડીંગ જરૂર વધુ મળ્યા છે પણ મેલેરિયાના કેસો નોંધાયા નથી તેમજ તંત્ર દ્વારા જે પોરાનાશક કામગીરી કરવામાં આવી છે તેનો ફાયદો આગામી દિવસોમાં જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે.



સે-૨૯ જલારામ મંદિર ખાતે તડામાર તૈયારીઓ શરુ

ગાંધીનગર શહેરમાં ૩૪મી રથયાત્રાને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ભગવાન જગન્નાથની નગરચર્યાએ નીકળવાની તડામાર તૈયારીઓ પંચદેવ મંદિર ખાતે થઈ રહી છે. તો બીજી તરફ મોસાળામાં પણ હજ્જારો ભકતો માટે પ્રસાદ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જલારામ મંદિર ખાતે ૧૦ કારીગરો તેમજ સાથી કર્મચારીઓ દ્વારા મોહનથાળ બનાવવાની કામગીરી ચાલી રહી છે. તે ઉપરાંત કઠોળ-અનાજ સહિત અન્ય ચીજવસ્તુઓની બહેનો દ્વારા સફાઈ કરવામાં આવી રહી છે. જયારે રથયાત્રાને લઈને ભકતોમાં અનેરો માહોલ જામ્યો છે.

## સે-૩/એ ખાતે વિજળી પડતા ટીવી ફ્રીઝને નુકશાન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ખાતે ગતરાત્રીના સુમારે વિજળી પડતા કેટલાક મકાનમાં રહેતા આધુનિક ઉપકરણો જેવા કે ટીવી અને ફ્રીઝને નુકશાન થવા પામ્યું છે. જયારે અન્ય વસાહતીઓએ પણ પોતાના ટીવી અને ફ્રીઝ શરુ છે કે કેમ તેની ચકાસણી કરી હતી. વસાહતીઓને વિજળી પડતા હજ્જારો રૂપીયાનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં ગત્ રોજ સાંજના સુમારે ધીમીધારે વરસાર વરસવાનું શરુ થયું હતું. કાળા ડિંબાગ વાદળો નગર પર મનમુકીને વરસ્યા નહી. વિજળીના કડાકા અને ભડાકા વચ્ચે વરસાદ સામાન્ય હતો, ગાંજયા મેઘ વરસ્યા નહીં તેવી સ્થિતિ પ્રવર્તી હતી. ગાંધીનગરાઓને વરસાદ હાથતાળી આપી ચાલી જાય છે.ત્યારે ગત્ રાત્રીના સુમારે સેકટર-૩ એ ખાતે વિજળી પડી હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. જેમાં સેકટરના કેટલાક મકાનના ટીવી અને ફ્રીજને નુકશાન થવા પામ્યું છે. વસાહતીઓનું કહેવું છે કે કેબલ પર વિજળી પડતા ટીવીઓને વધુ નુકશાન થવા પામ્યું છે. વરસાદ તો વરસ્યો નહીં પરંતુ નગરજનોને હજ્જારો રુપીયાનું નુકશાન વેઠવાનો વારો ચોક્કસ આવ્યો છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં વોર્ડમાં દાખલ દર્દીએ રાત્રીના સમયે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેને સિવિલના સિક્યુરીટી સુપરવાઈઝર અશોક તલવાડી અને નર્સિંગ સ્ટાફના ઈન્દ્રજીતસિંહ ચૌહાણે પોતાનો જીવ જોખમમાં મુકીને દર્દીનો જીવ બચાવ્યો હતો. આ બંન્ને યુવાનોને સિવિલના નર્સિંગ સ્ટાફની હાજરીમાં તાજેતરમાં નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન પટેલના હસ્તે પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટીસંખ્યામાં કર્મચારી ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

## કન્ટેનરના દરવાજાઓના લોક તોડી પ્લાસ્ટીકના દાણાની ૨૦ બોરીની ચોરી

### ઉત્તર પ્રદેશથી ૨૫ ટન માલ ભરીને નીકળેલો કન્ટેનરનો ડ્રાઈવર શેરથા ટોલટેક્સ પાસે પહોંચ્યો ત્યારે કન્ટેનરનો દરવાજો ખુલ્લો જોયો : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૨

ઉત્તરપ્રદેશની એક કંપનીમાંથી સાતમી જુલાઈએ ૨૫ ટન પ્લાસ્ટીકના દાણાની ૧૦૦૦ બોરી કન્ટેનરમાં ભરી ને ડ્રાઈવર ગુજરાત આવ્યો હતો અને ૧૦મી તારીખે મહેસાણા-કલોલ હાઈવે તરફ આવી રહ્યો હતો તે દરમિયાન શેરથા ટોલટેક્સ પહેલા આવેલા એક બ્રેકર પાસે ડ્રાઈવરને ખબર પડી કે તેના કન્ટેનરનો દરવાજો ખુલ્લો છે. કન્ટેનરને બ્રેક લગાવીને ડ્રાઈવરે તપાસ કરી તો અંદરથી પ્લાસ્ટીકના દાણાની કેટલીક બોરીઓ ચોરી થઈ ગયેલી હતી. આ હાઈવે પર ડ્રાઈવરે બે-ત્રણ જગ્યાએ હોલ્ડ કર્યો હતો તે દરમિયાન કોઈ ચોરે તેના કન્ટેનરના દરવાજાનું લોક તોડી અંદરથી પ્લાસ્ટીકના દાણાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે ડ્રાઈવરની ફરિયાદના આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

જામનગરની શિવમ લોજિસ્ટિક્સ ટ્રાન્સપોર્ટ કંપનીમાં છ મહિનાથી નોકરી કરતા અજમેર રાજસ્થાનના ડ્રાઈવર પ્રકાશસિંહ ભવરસિંહ રાવતે અડાલજ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ સાતમી જુલાઈએ તેણે ઉત્તર પ્રદેશમાં આવેલી ગેઈલ ઈન્ડિયા લિમિટેડ કંપની પ્લાસ્ટીકના દાણાની એક હજાર બોરી (૨૫ ટન) માલ કન્ટેનરમાં ભરી ગુજરાતમાં પ્રવેશ્યો હતો. દસમી તારીખે ડ્રાઈવર મહેસાણા કલોલ હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો અને રસ્તામાં ત્રણ ચાર જગ્યાએ હોલ્ડ પણ કર્યા હતા. કન્ટેનર શેરથા ટોલટેક્સ પહેલા આવેલા બ્રેકર પાસે પહોંચ્યું ત્યારે અચાનક કન્ટેનરનો દરવાજો ખોલીને બોડી સાથે ટકરાયો હતો. લોક મારેલા કન્ટેનરના દરવાજા અચાનક ખુલેલા જોઈ ચોંકી ગયેલા ડ્રાઈવર એ તાત્કાલિક કન્ટેનર સાઈડમાં કર્યું અને અંદર તપાસ કરી તો કન્ટેનરમાંથી પ્લાસ્ટીકના દાણાની ચોરી થઈ ગઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. કન્ટેનરનો લોક તોડી ચોરો ૪૫ હજારની કિંમતની પ્લાસ્ટીકના દાણાની ૨૦ બોરી ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે.



જય રણછોડ માખણચોર.. મંદિરમાં કોણ છે રાજા રણછોડ છે..જય જગન્નાથના નાદથી શહેર ગુંજી ઉઠશે. ભગવાન રણછોડરાયની રથયાત્રાને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે રથયાત્રામાં ગજરાજનું પણ વિશેષ મહત્વ હોય છે.ગાંધીનગર શહેરની રથયાત્રા માટે ગજરાજ આવી પહોંચ્યા છે. પંચદેવ મંદિર ખાતે ગજરાજને નિહાળવા માટે મોટીસંખ્યામાં ભકતોની ભીડ જામે છે.

## સિવિલ એન્જિનિયરની જાહેરાતમાં સમય વધારવા ઉમેદવારોનું મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન દ્વારા સીવીલ એન્જીનિયરની કરાર આધારીત જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી હતી. જેમાં જાહેરાતનો સમયગાળો માત્ર અઠવાડીયાનો રાખવામાં આવ્યો હતો.જેને પગલે રાજયભરમાંથી હજ્જારો સીવીલ એન્જીનિયર આ જાહેરાતમાં ફોર્મ ભરવામાંથી વંચિત રહેવા પામ્યા છે. જેથી ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશનની કરાર આધારીત સીવીલ એન્જીનિયરની જાહેરાતનો સમયગાળો વધારવા માટે ઉમેદાવારો દ્વારા લેખિત અરજી રાજયના મુખ્યમંત્રીને કરી રજુઆત કરવામાં આવી છે.

જીપીએસસી દ્વારા બહાર પાડવામાં આવતી કરાર આધારીત નોકરીની જગ્યાઓ માટેની જાહેરાતમાં ૧ માસ તેમજ અન્ય વિભાગની ભરતીની જાહેરાતમાં ઓછામાં ઓછો પખવાડીયાનો સમયગાળો રાખવામાં આવે છે. પરંતુ તાજેતરમાં જ ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન દ્વારા બહાર પાડવામાં આવેલી સીવીલ એન્જીનિયરની કરાર આધારીત જગ્યાઓની જાહેરાતનો સમયગાળો ગત્ તા.૨-૭-૧૮ થી ૯-૭-૧૮ સુધીનો એટલે કે માત્ર અઠવાડીયાનો રાખવામાં આવ્યો હતો. જેથી બીઈ સીવીલ ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. રાજયભરમાંથી હજ્જારો બીઈ સીવીલ ઉમેદવારો કોઈક ને કોઈ કારણોસર જાહેરાતમાં અરજી કરવામાં બાકાત રહી ગયા છે. ત્યારે જો આ જાહેરાતનો એક અઠવાડીયાનો સમયગાળો લંબાવવામાં આવે તો હજ્જારો ઉમેદવારોને લાભ થઈ શકે છે. ત્યારે આ અંગે ઉમેદવારોએ રાજયના મુખ્યમંત્રીને લેખિતમાં અરજી કરી સમયગાળો લંબાવવા રજુઆત કરી છે.

## ધ ડીવાઈન લાઈફ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખાની વર્ષ ૨૦-૭-૧૮ની વાર્ષિક સમાન્ય સભાની બેઠક રવિવાર તા.૧૫ જુલાઈને રવિવારના રોજ સવારે ૯ કલાકે પ્લોટ નં. ૧૬૬૦-૧ સેકટર-૨ ડી ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં શાખાના સભ્યોએ હાજર રહેવા અનુરોધ કરાયો છે.



વિહાર ચોકડી પાસેથી ચોરીના બે બાઈક સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિત ની ટીમ વાહન ચોર પકડવા સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે તેમની એક ટીમ માણસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે વિહાર ચોકડી પાસેથી બે શખ્સો ચોરીના બાઈક સાથે પસાર થઈ રહ્યા છે. આ બાતમીના આધારે ટીમે વિહાર ચોકડી પર વોચ ગોઠવીને બંને શકમંદોને બે બાઈક સાથે પકડી પાડયા હતા. માણસાના ધમેડા ગામમાં રહેતા સંજય જયંતિ સેનમા અને કૌશિક બકાજી ઠાકોર નામના બંને શખ્સોને પકડીને તેમના બાઈક વિશે ઊંડાણપૂર્વક પૂછપરછ કરતા બંને બાઈક ચોરીના હોવાનું ખુલ્યું છે. પેસન પ્રો અને પલ્સર બંને ચોરીના બાઈક રિકવર કરી બંને સામે કાયદેસરની કાર્યવાહી કરી ઊંડી પુછતાછ શરૂ કરવામાં આવી છે.

## આધ્યાત્મિક ગુરૂ દાદા જે. પી. વાસવાણીને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૨


મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આધ્યાત્મિક ગુરૂ દાદા જે.પી.વાસવાણીના અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી સદ્ગતને શ્રદ્ધાંજલી પાઠવી છે.

સાધુ વાસવાણી મિશનના વડા તરીકે તેમણે અહિંસા અને સર્વધર્મ સમભાવ માટેનો જે આધ્યાત્મિક ભાવ મિશનના કાર્યો દ્વારા દેશ-દુનિયામાં પ્રસરાવ્યો છે તે સૌનું માર્ગદર્શન કરતો રહેશે તેમ પણ મુખ્યમંત્રીએ શોકાંજલિ પાઠવતા જણાવ્યું છે.

વિજયભાઈ રૂપાણીએ પૂજ્ય દાદા જે.પી. વાસવાણીએ વિશ્વસ્તરે માનવતા, ફિલોસોફી, શિક્ષણ ક્ષેત્રે અને પ્રખર વકતા તરીકે આપેલી ઉમદા સેવાઓ અવિસ્મરણીય બની રહેશે તેમ સદ્ગતને અંજલિ પાઠવતા જણાવ્યું છે.

મુખ્યમંત્રીએ જે.પી. વાસવાણી દાદાએ શાકાહારના વ્યાપ અને પશુ-પ્રાણીના હક્કો માટે જે સેવા ધૂણી ધખાવી હતી તે સદાકાળ પ્રજવલિત રહેશે તેવી અભ્યર્થના દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતાં વ્યકત કરી છે.

## મગોડી ગામે વિજકરંટ લાગતા પશુનુ મોત



ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે પ્રાથમિક શાળાની પાસે વીજ કરંટથી પશુનુ ઘટનાસ્થળે મોત નીપજ્યુ હતુ. મગોડી ખાતે રહેતા કાળસંગભાઈ રાયસંગભાઈ રબારીની ભેંસો ચરવા જઈ રહી હતી ત્યારે એક પાડુ વીજ ડીપી પાસેથી પસાર થતા અર્થીંગના વાયર સાથે શીંગડુ ભરાતાં વીજકરંટથી સ્થળ પર મોતને ભેટ્યુ હતુ. આ બનાવથી ગામમાં અરેરાટી પ્રસરવા પામી હતી.



સતાધાર ગ્રુપ દ્વારા સ્વજન ગૃહનો પ્રારંભ

સિવિલ કેમ્પસમાં આવેલું જલારામ સદાવ્રત-સ્વજનગૃહનું સંચાલન આજરોજથી સતાધાર ગ્રુપના સભ્યો દ્વારા કરવામાં આવ્યું છે. આજે સવારે જલારામબાપાની પ્રતિમાને પૂજન-અર્ચન કરીને જલારામ સદાવ્રત સ્વજન ગૃહનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે દર્દીઓના સગાઓને ભોજન પીરસવામાં આવ્યું હતું. જયારે સેવાભાવી નાગરીકો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## ઈન્ટરનેશનલ ફીનાન્સ અને વર્કિંગ કેપિટલ વિષય પર બીબીએ કૉલેજ ખાતે વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં ૨૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપના મુખ્ય વકતા સુનીલ ઉપાધ્યાય ૨૦ વર્ષનો કોર્પોરેટ ક્ષેત્રનો અનુભવ ધરાવે છે અને હાલ તેઓ લેમીટ્યુડસ.લી.-દુબઈ ખાતે ડાયરેક્ટરની ભુમિકા ભજવે છે. હાલ માં તેઓ લેમીટ્યુડસ.લી-ઝી ગૃપનાં ૧૮ આંતરરાષ્ટ્રીય પ્લાન્ટનું ઈન્ટરનેશનલ ફાયનાન્સ અને વર્કિંગ કેપિટલનું સમગ્ર કામ સંભાળે છે. મુખ્ય વક્તાએ વિદ્યાર્થીઓને વર્કિંગ કેપિટલ બાબતે ઉંડાણપૂર્વક સમજ આપી હતી. જેમાં વર્કિંગ કેપિટલનો અર્થ અને તેના વિવિધ પ્રકાર સમજાવ્યા હતા તેમજ વર્કિંગ કેપિટલ ને અસરકર્તા વ્યવસાયલક્ષી તેમજ આર્થિક પરિબળો બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. વર્ચ્યુઅલ કંપની બનાવવા માટે તમામ પ્રકિયા વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવી હતી. સાથે-સાથે વિવિધ ક્ષેત્રમાં વ્યવસાય માટે ઉપલબ્ધ તકો અને મેનેજમેન્ટના વિદ્યાર્થીઓની આ તમામ ક્ષેત્રમાં પ્રાથમિકતા બાબતે સુંદર સમજ આપી હતી.

કોઈપણ પ્રોડક્ટ પસંદ કર્યા બાદ તેમાં જરૂરી ટેકનોલોજી, ઉપલબ્ધ વિકલ્પો તેમજ બજાર અને ગ્રાહક નો ઉપલબ્ધ વર્ગ તેની ખરીદશક્તિ તેમજ કંપનીના વિવિધ પ્રકારો તેના ફાયદા વગેરેની સંપૂર્ણ માહિતી મેળવ્યા બાદ કંપનીનું નામ કરણ તેમજ તેના બેંક એકાઉન્ટ અને બેંક વ્યવહારો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા સાથે-સાથે ધિરાણ મેળવવા માટે કંપનીએ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવો પડે જેના આધારે ધિરાણ મેળવી શકાય.